For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ડો. હર્ષ પંડ્યાના આપઘાતને પગલે ખટોદરા પોલીસે ચારેય સિનિયર તબીબ સામે ગુનો નોંધ્યો

હોસ્ટેલ બોલાવી 2 કલાક ગોંધી દીધા હતા!

સસ્પેન્ડ ચારેય સિનિયર ડોક્ટર્સ જુનિયરોને અપશબ્દો બોલી નીચા પાડી અપમાનીત કરતાં હતાં

જુનિયરો કામ કરતા નથી તેવી ખોટી રજૂઆતો પ્રોફેસર પાસે કરવામાં આવતી હતી

જુનિયર ડોક્ટર્સને પી.જી. હોસ્ટેલમાં બોલાવી ગેરકાયદે રીતે બે કલાક ભારે માનસિક ત્રાસ અપાયો હતો

સુરતઃ સુરતની નવી સિવિલ કેમ્પસ સ્થિત સરકારી મેડિકલ કતોલેજમાં માઈક્રોબાયોલોજી વિભાગના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યા દ્વારા કરાયેલા આપઘાતની ઘટનામાં ખટોદરા પોલીસે કોલેજના વહીવટી અધિકારી દ્વારા કરાયેલી ફરિયાદને પગલે ચાર સિનિયર ડોકટરો સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, માઈક્રોબાયોલોજી વિભાગના દ્વિતીય વર્ષના ચાર રેસિડેન્ટ ડોક્ટરો ડો. નીરાલીબેન વસાવે, ડો. અનુજ મહેશ્વરી, ડો. દિશીતાબેન ગેવરીયા

...અનુસંધાન પાના 9 પર

દુષ્પ્રેરણાની સાદી કલમ લગાડી આરોપીઓને બચાવવાનો પ્રયાસ?

ગુજરાતમિત્ર ટિપ્પણી

ખટોદરા પોલીસે ડો. હર્ષ પંડ્યા અને અન્ય જુનિયર ડોક્ટરોને હેરાનગતિમાં ગુનો તો નોંધ્યો પરંતુ આરોપીઓને બચાવવા માટે મોટો દાવ કલમમાં ખેલી લીધો છે. કાયદાના જાણકારોને કહેવા પ્રમાણે ખરેખર આપઘાતની દુષ્પ્રેરણામાં બીએનએસની કલમ

...અનુસંધાન પાના 9 પર

- **કલમ 54 શું કહે છે?:** જ્યારે કોઈ વ્યક્તિએ કોઈ ગુનો કરવા માટે દુષ્પ્રેરણ (ઉશ્કેરણી કે મદદ) કર્યું હોય અને જ્યારે તે ગુનો આચરવામાં આવી રહ્યો હોય ત્યારે તે સ્થળ પર પોતે હાજર હોય, તો તે વ્યક્તિને મુખ્ય ગુનો કરનાર જેટલી જ જવાબદાર ગણવામાં આવે છે. આ કલમ પોતે કોઈ સ્વતંત્ર ગુનો નથી, પરંતુ મૂળ ગુના સાથે ઉમેરાતી એક સપોર્ટિવ જોગવાઈ છે.
- **કલમ ૧૦૮ શું કહે છે?:** આ કલમ ખાસ કરીને કોઈપણ વ્યક્તિને આપઘાત (Suicide) કરવા માટે મજબૂર કરવા, ઉશ્કેરવા કે કાવતરું રચવા સાથે જોડાયેલી છે. આ ખાસ કરીને આપઘાતના કિસ્સાઓમાં જ લાગુ પડે છે.
- **મુખ્ય તફાવત શું છે?:** કલમ 54 જૂની IPC ની કલમ ૧૧૪ ને સમકક્ષ છે. જ્યારે કલમ 108 જૂની IPCની કલમ 306 ને સમકક્ષ છે. કલમ 54માં મુખ્ય કલમની જ સજા છે એટલે કે કોઈ અલગથી સજા કરવાની હોતી નથી પરંતુ કલમ 108માં આપઘાતની દુષ્પ્રેરણા બદલ 10 વર્ષની કેદની સજા છે.

કોની સામે ગુનો નોંધાયો?

ડો. હીના ભૂત

ડો. અનુજ મહેશ્વરી

ડો. દીક્ષિતા ઘેવરિયા

ડો. નિરાલી વસાવે

કઈ-કઈ કલમો હેઠળ ગુનો નોંધાયો?

(1) કલમ ૧૨૭(૨) BNS, અર્થઃ કોઈ વ્યક્તિને તેની ઈચ્છા વિરુદ્ધ ચોક્કસ હદ/જગ્યામાં પૂરી રાખવી કે ત્યાંથી બહાર જતાં અટકાવવી (જેમ કે રૂમ કે હોસ્ટેલમાં બંધ કરીને કે બેસાડી રાખીને જતાં રોકવા)

સજાઃ ૧ વર્ષ સુધીની કેદ, અથવા રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ, અથવા બંને.

(2) કલમ ૩૫૨ BNS, અર્થઃ કોઈ વ્યક્તિનું મુક્તપણે, બોલીને કે ઈશારાથી એ રીતે અપમાન કરવું, જેથી સામે વાળી વ્યક્તિ ઉશ્કેરાય અને શાંતિનો ભંગ થાય કે કોઈ ગુનો કરવા પ્રેરાય,

સજાઃ ૨ વર્ષ સુધીની કેદ, અથવા દંડ, અથવા બંને.

(3) 3. કલમ ૫૪ BNS, અર્થઃ જો કોઈ વ્યક્તિએ ગુનો કરવા માટે ઉશ્કેરણી કે મદદ (દુષ્પ્રેરણ) કરી હોય અને જ્યારે મુખ્ય ગુનો આચરવામાં આવે ત્યારે તે સ્થળ પર પોતે હાજર હોય, તો તે વ્યક્તિએ પોતે જ એ ગુનો કર્યો છે તેમ માનવામાં આવે છે.

સજાઃ જે-તે મૂળ ગુના માટે મળવાપાત્ર મુખ્ય સજા જ લાગુ પડે છે.

માત્ર સસ્પેન્શન નહીં પણ કાયમી ધોરણે પીજીનાં એડમિશન રદ થવા જોઈએ

રેગિંગની ગંભીર ઘટનામાં એન્ટી-રેગિંગ કમિટીએ માત્ર ૬ મહિના માટે સસ્પેન્શનની સજા સંભળાવી છે, જેની સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. બુદ્ધિજીવીઓ અને તબીબી વર્તુળોમાં માંગ ઉઠી છે કે આ ચારેય આરોપીઓના પી.જી. એડમિશન કાયમી ધોરણે રદ કરવા જોઈએ. માત્ર છ મહિનાનું સસ્પેન્શન એ આવી ગંભીર ઘટનામાં અત્યંત હળવી શિક્ષા ગણાય. ઉપરાંત, કેસ નબળો ન પડે તે માટે મૂળ ફરિયાદી તરીકે સંસ્થાના કર્મચારીને આગળ કરવાને બદલે મૃતક જુનિયર ડોક્ટરના વાલી પાસે જ સીધી ફરિયાદ કરાવવી જોઈતી હતી, જેથી ભવિષ્યમાં ફરિયાદી ફરી જાય કે દબાણમાં આવે તેવી કોઈ શક્યતા રહે નહીં.

હર્ષ સહિતના જુનિયરો પાસે પ્રતિબંધિત કામગીરી કરાવવામાં આવતી હતી, ગાળો દેવામાં આવતી હતી

તૃતીય વર્ષના આ ચારેય સીનિયર ડોક્ટરો દ્વારા હર્ષ પંડ્યાની સાથે સાથે અન્ય જુનિયર ડોક્ટરો ડો. અંકુર બાબુભાઈ ગામીત, ડો. અવનિ બિરેનભાઈ પાંડે, ડો. ગંજાતી ધારા ગણેશ, ડો. થોમથંગ ઇરેની, ડો. પટેલ નિધિ કિરણભાઈ, ડો. વાવયા પ્રીયાબેન સુરેશભાઈ, ડો. ચિરાગભાઈ ડીલુભાઈ બારૈયા, ડો. તન્મય રોય, ડો. દંતાણી યશવી હસમુખભાઈ, સ્વ ડો.હર્ષ પંડ્યા પાસે પ્રી-ક્લિનિકલ કે બિનજરૂરી કામગીરી કરાવી શકાતી ન હોવા છતાં, તેઓને સતત હેરાન-પરેશાન કરવામાં આવતા હતા. જુનિયરોને અપશબ્દો બોલી નીચા પાડી અપમાનીત કરવામાં આવતા હતા અને તેઓ પ્રોફેસર પાસે કામ કરતા નથી તેવી ખોટી રજૂઆતો

...અનુસંધાન પાના 9 પર

સૌથી વધુ ત્રાસ ડો. દીક્ષિતા આપતી હતી, ૧૦ સિનિયરમાંથી ૪ ડોક્ટરનાં નામો સામે આવ્યાં

સૂત્રોના જણાવ્યા મુજબ, મહિલા સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો પૈકીની ડો. દીક્ષિતા ઘેવરિયા દ્વારા ડો. હર્ષ પંડ્યા સહિત પ્રથમ વર્ષના માઇક્રોબાયોલોજી વિભાગના આશરે ૧૦ રેસિડેન્ટ ડોક્ટરોને સૌથી વધુ માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ચર્ચા છે. પીડિત વિદ્યાર્થીઓ દ્વારા તેમના વર્તનને કથિત રીતે 'ટોક્સિક' પણ ગણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો પૈકી દર્શિતા નામની રેસિડેન્ટ ડોક્ટર દ્વારા સૌથી વધુ વર્બલ ટોર્ચર (મૌખિક અપમાન) કરવામાં આવતું હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. જોકે, આ તમામ બાબતો હાલમાં તપાસનો વિષય છે અને સત્તાવાર તપાસ પૂર્ણ થયા બાદ જ તેની હકીકત સ્પષ્ટ થશે. મહત્વની

...અનુસંધાન પાના 9 પર

કોલેજે ગાંધીનગર રિપોર્ટ મોકલવામાં પણ વિલંબ કર્યો

કહે છે કે, ડો. હર્ષ પંડ્યા રેગિંગ-આપઘાત કેસમાં સમગ્ર ઘટનાનો રિપોર્ટ મંગળવારે બપોર સુધીમાં ગાંધીનગર રિપોર્ટ મોકલવા માટે સૂચના આપવામાં આવી હતી; જોકે, નિર્ધારિત સમયમર્યાદા સુધી આ કામગીરી પૂર્ણ થઈ શકી ન હતી. ત્યારબાદ મંગળવારે મોડી રાત્રે ગાંધીનગર ખાતે મેઈલ મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ફેકલ્ટીને આપવામાં આવેલી કારણદર્શક નોટિસના જવાબો આવ્યા બાદ એન્ટિ-રેગિંગ કમિટી સાથે ચર્ચા કરીને આ મેઈલ મોકલવામાં આવ્યો હતો. મહત્વનું છે કે મોડી રાત સુધી કેટલાક ફેકલ્ટીએ પોતાની સામેની નોટિસના જવાબો પણ રજૂ કર્યા ન હતા, જેના કારણે રિપોર્ટ મોકલવાની પ્રક્રિયા વધુ વિલંબિત થઈ હોવાની ચર્ચા છે. હવે સમગ્ર મામલે ગાંધીનગર સ્તરે રિપોર્ટની તપાસ બાદ કોલેજ પ્રશાસન અને જવાબદાર ફેકલ્ટીની ભૂમિકા અંગે આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.

નાસિરનગર ડિમોલિશન વિવાદમાં આખરે રાજ્ય સરકારનો મોટો નિર્ણય

હાઈકોર્ટની ટકોરથી સુરતના મ્યુનિ. કમિશનર એમ. નાગરાજનની બદલી

12 અને 14 ઓગસ્ટે હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી પહેલાં બદલીથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા

ગાંધીનગરઃ સુરતના નાસિરનગરમાં કથિત ગેરકાયદે ડિમોલિશનને લઈને ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ અને અધિકારીઓની જવાબદારી અંગેની આકરી ટકોર વચ્ચે

...અનુસંધાન પાના 9 પર

હવે નજર એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ પર

ગુજરાત હાઈકોર્ટે નાસિરનગર પ્રકરણમાં માત્ર મનપાની કામગીરી અંગે જ સવાલો કર્યા નહોતા, પરંતુ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમની ભૂમિકા અને પોલીસ કામગીરી અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. મનપા કમિશનરની બદલી બાદ હવે સરકાર પોલીસ તંત્રના આ અધિકારી અંગે શું નિર્ણય લે છે તેના પર પણ નજર મંડાઈ છે. આ મામલે આગામી ૧૪ ઓગસ્ટે ગુજરાત હાઈકોર્ટમાં ફરી મહત્વની સુનાવણી થવાની છે. મનપા કમિશનરની બદલી બાદ સરકાર કોર્ટ સમક્ષ પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી અંગે શું રજૂઆત કરે છે અને જવાબદારી નક્કી કરવા આગળ શું પગલાં લેવામાં આવે છે તે હવે મહત્વનું બન્યું છે.

મ્યુનિ.કમિ. એમ. નાગરાજનની ફ્લડ મેનેજમેન્ટમાં પણ કામગીરી નબળી રહી હતી

સુરતથી બદલી કરાયેલા મ્યુનિ.કમિ. એમ. નાગરાજનની કામગીરી નાસીરનગરના વિવાદની સાથે સુરતમાં પડેલા ભારે વરસાદ અને ખાડીપૂરમાં પણ નબળી સાબિત થઈ હતી. સુરતમાં પડેલા ભારે વરસાદમાં આખું સુરત ડૂબી જવા પામ્યું હતું. જેને કારણે પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરાં ઉડ્યા હતા. જ્યારે એક જ મહિનામાં ચાર વખત આવેલા ખાડીપૂરે સુરતને ધમરોળી નાખ્યું હતું.

...અનુસંધાન પાના 9 પર

ફાયર કર્મીઓને હવે આવાં કામ પણ કરવા પડે છે!

મોટાભાઈએ નાનાભાઈને ઘરમાં પૂરી તાળું મારી દેતાં ફાયરે દોડવું પડ્યું

મોટોભાઇ દારૂ પીને ઘરે આવતાં ઝઘડો થયો હતો: પોલીસ પણ દોડી આવી

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં ગત મોડી રાત્રે બે ભાઈઓ વચ્ચે થયેલા ઝઘડા બાદ મોટાભાઈએ નાના ભાઈને ઘરમાં પૂરી બહારથી તાળું મારી દેવાની ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ, પાંડેસરાના મહાદેવનગર સ્થિત સુડા આવાસના ચોથા માળે 35 વર્ષીય ભુપેન્દ્ર પ્રફુલ બારી અને તેનો મોટોભાઈ યુવરાજ બારી રહે છે. ગત રાત્રે મોટોભાઈ યુવરાજ દારૂ પીને ઘરે આવ્યો હતો અને નાના ભાઈ ભુપેન્દ્ર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. ઝઘડામાંને ઝઘડામાં મોટાભાઈએ ભુપેન્દ્રને

ઘરમાં પૂરી દીધો હતો અને બહારથી દરવાજે તાળું મારીને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ઘરમાં બંધ થઈ ગયેલા નાના ભાઈ ભુપેન્દ્રએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક 112 નંબર પર કૉલ કરીને પોલીસને ઘટનાની જાણ કરી હતી. બનાવની ગંભીરતા જોઈ પોલીસની ટીમ તાબડતોબ સ્થળ પર

...અનુસંધાન પાના 9 પર

પાંડેસરામાં ટાઈફોઈડમાં ધો-7ની 13 વર્ષની વિદ્યાર્થિનીનું મોત

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં ટાઈફોઈડની બીમારીમાં ધોરણ-7માં અભ્યાસ કરતી 13 વર્ષની વિદ્યાર્થિનીનું મોત થયું હતું. પાંચેક દિવસથી તાવની બીમારીથી પીડાતી સોનમને રવિવારે કરાયેલા લોહીના રિપોર્ટમાં ટાઈફોઈડ હોવાનું નિદાન થયું હતું. તબિયત લથડતાં સોમવારે તેને 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ ઓડિશાના વતની પ્રદીપભાઈ ભુઈયા હાલમાં પાંડેસરામાં તેરેનામ ચોકડી પાસે આવેલા પુનિતનગરમાં ત્રણ સંતાનો સહિત પરિવાર સાથે રહે છે અને સંચા ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 13 વર્ષની પુત્રી સોનમ

...અનુસંધાન પાના 9 પર

આજે આકાશમાં સૂર્યગ્રહણ, પર્સિડ ઉલ્કાવર્ષા, ગ્રહોની ખાસ સ્થિતિનો સંગમ

સોશિયલ મીડિયામાં 'દુનિયાના અંત'થી લઈને મોબાઇલ-ઇન્ટરનેટ બંધ થવા સુધીની અફવાઓ

ભારતમાં સૂર્યગ્રહણ નહીં પરંતુ પર્સિડ ઉલ્કાવર્ષા જોવા મળશે

સુરત: 12 ઓગસ્ટ, 2026નો દિવસ ખગોળપ્રેમીઓ માટે ખાસ બનવાનો છે. આ દિવસે આકાશમાં એક નહીં પરંતુ અનેક નોંધપાત્ર ખગોળીય ઘટનાઓ બનવાની છે. એક તરફ વિશ્વના કેટલાક વિસ્તારોમાં પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળશે, બીજી તરફ રાત્રિના આકાશમાં પર્સિડ ઉલ્કાવર્ષા તેની ચરમસીમાએ હશે. આ ઉપરાંત સૂર્યોદય પહેલાં અનેક ગ્રહો આકાશના એક જ વિસ્તારમાં દેખાવાની સ્થિતિમાં રહેશે. આ અસાધારણ ખગોળીય સંયોગને

...અનુસંધાન પાના 9 પર

સુરતમાં સૂર્યગ્રહણની અસર નહીં, મંદિરોમાં દર્શન-પૂજા રાબેતા મુજબ

સુરતમાં સૂતક પાળવાની જરૂર નહીં

સુરત: આજે વર્ષનું મહત્ત્વનું ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું ન હોવાથી સુરત સહિત સમગ્ર ગુજરાતમાં તેની કોઈ ખગોળીય અસર જોવા મળશે નહીં. ભારતીય સમય પ્રમાણે ગ્રહણનો મુખ્ય તબક્કો રાત્રિના સમયે હોવાથી સુરતવાસીઓ માટે આકાશમાં સૂર્યગ્રહણનું અવલોકન શક્ય બનશે નહીં. તેના કારણે ધાર્મિક માન્યતા મુજબ પણ સુરતમાં સૂતક પાળવાની જરૂરિયાત રહેશે

...અનુસંધાન પાના 9 પર

સૌથી મોટી ઘટના, પૂર્ણ સૂર્યગ્રહણ

NASAના જણાવ્યા મુજબ આ ગ્રહણનો પૂર્ણતાનો માર્ગ ઉત્તર રશિયા, ગ્રીનલેન્ડ, આઇસલેન્ડ, ઉત્તર એટલાન્ટિક મહાસાગર, સ્પેન તથા પોર્ટુગલના નાના વિસ્તારમાંથી પસાર થશે. યુરોપ, ઉત્તર અમેરિકા અને ઉત્તર-પશ્ચિમ આફ્રિકાના અનેક વિસ્તારોમાં આંશિક સૂર્યગ્રહણ જોવા મળશે.

...અનુસંધાન પાના 9 પર

પર્સિડ ઉલ્કાવર્ષા કેવી રીતે જોવી?

શહેરના પ્રકાશથી દૂર આવેલા ગ્રામ્ય કે અંધારાવાળા વિસ્તારમાં જવાથી ઉલ્કાવર્ષા વધુ સારી રીતે જોઈ શકાય છે. આંખોને અંધારામાં ટેવાવા થોડો સમય આપવો અને આકાશના વિશાળ ભાગને ખુલ્લી આંખે નિહાળવો વધુ યોગ્ય છે. સામાન્ય રીતે ટેલિસ્કોપની જરૂર પડતી નથી. જોકે, આકાશમાં વાદળો હોય તો દૃશ્યતા ઘટી શકે છે.

રશિયામાં બનનારું નવું ડાયમંડ કટિંગ ક્લસ્ટર સુરત માટે જોખમ?!

પુતિન સરકારનો રશિયન ડાયમંડ ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ હીરા ઉદ્યોગને ખેંચી જાય તો નવાઈ નહીં

યાકુત્સ્ક અને સ્મોલેન્સ્કમાં કટિંગ-પોલિશિંગ માટે આધુનિક ક્લસ્ટર ઊભું કરવાની યોજના સુરત માટે મોટી મુશ્કેલી કરે તેવી સંભાવના.

રશિયાએ સ્થાનિક સ્તરે રત્નકલાકારો તૈયાર કરવા માટે શરૂ કરેલા તાલીમ વર્ગો સુરતના ઉદ્યોગકારો માટે લાલબત્તી સમાન

સુરત માટે જાણવા જેવી વાત એ છે કે સ્મોલેન્સ્કમાં બનનારા ક્લસ્ટરમાં ઉત્પાદન એકમો ઉપરાંત ટેક્નોલોજી સેન્ટર અને તાલીમ સંસ્થાઓને એક જ માળખા હેઠળ લાવવાની યોજના છે. સ્મોલેન્સ્કમાં સ્થાનિક સ્તરે પણ નવા રત્નકલાકારો તૈયાર કરવા માટે તાલીમ શરૂ કરવામાં આવી છે. જે સુરતના ઉદ્યોગકારો માટે લાલબત્તી સમાન છે. રશિયન સરકાર અને ' અલરોસા' દ્વારા આ પ્રોજેક્ટને આગળ ધપાવવામાં આવી રહ્યો છે. રશિયામાં ડાયમંડ કટિંગ ઉદ્યોગના વિસ્તરણ સાથે સૌથી મોટો પ્રશ્ન કુશળ માનવબળનો છે. આ ક્ષેત્રમાં ભારત, ખાસ કરીને સુરત અને મુંબઈના રત્નકલાકારોની કુશળતા વિશ્વસ્તરે જાણીતી છે. રશિયાએ પોતાની કટિંગ ક્ષમતા વધારવી હોય તો અનુભવી ભારતીય રત્નકલાકારો, ટેક્નિશિયન અને ડાયમંડ મેન્યુફેક્ચરિંગ નિષ્ણાતો માટે રોજગાર તથા ટેક્નિકલ સહકારની તકો ઊભી થઈ શકે છે.

સુરત : વૈશ્વિક હીરા ઉદ્યોગમાં ભારતના સુરત અને મુંબઈનું વર્ચસ્વ લાંબા સમયથી રહ્યું છે ત્યારે હવે રશિયા પોતાના હીરા કટિંગ અને પોલિશિંગ ઉદ્યોગને મજબૂત બનાવવા માટે યાકુત્સ્ક અને સ્મોલેન્સ્કને કેન્દ્ર બનાવીને આધુનિક ડાયમંડ કટિંગ ક્લસ્ટર વિકસાવવાની યોજના કરી રહ્યું હોવાથી સુરતના હીરા ઉદ્યોગ માટે સંકટ ઉભું થાય તેવી સ્થિતિ જોવાઈ રહી છે. રશિયન સરકારનો હેતુ દેશમાં ઉપલબ્ધ હીરાના કાચા માલનું વધુને વધુ સ્થાનિક સ્તરે પ્રોસેસિંગ કરીને તૈયાર હીરાના ઉત્પાદનને વેગ આપવાનો છે. જેથી રશિયા જો તેમાં સફળ થશે તો તેની સીધી સ્પર્ધા સુરત સાથે થશે.

હાલમાં વિશ્વના તૈયાર હીરાના ઉત્પાદન ક્ષેત્રમાં ભારતનું, ખાસ કરીને સુરતનું, સ્થાન અત્યંત મજબૂત છે. સુરત માટે રાહતની એક જ વાત છે કે, રશિયા માટે સૌથી મોટો પડકાર ઉત્પાદન ખર્ચ અને કુશળ માનવબળનો રહેશે. રશિયામાં હીરા કટિંગનો ખર્ચ ભારત કરતાં ઊંચો હોવાના મુદ્દા અગાઉથી ચર્ચામાં રહ્યા છે. તેથી માત્ર આધુનિક મશીનરી ઊભી કરવાથી નહીં, પરંતુ કુશળ રત્નકલાકારો, કાર્યક્ષમ ઉત્પાદન પદ્ધતિ અને વૈશ્વિક બજાર સુધી

...અનુસંધાન પાના 9 પર

સત્તરમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ

સુખ મળે, વૈભવ મળે, કિર્તી મળે મળે દુનિયામાં
બધા સુખ પણ જનારા સ્વજન પાછા ન મળે એજ
અમારા સૌનું દુઃખ પ્રભુ તારા દિવ્ય આત્માને
શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

સ્વ. અશ્વિનભાઈ
ભગુભાઈ પટેલ
સ્વ.તા. ૧૨/૮/૨૦૦૯

લિ.
ભગુભાઈ લખુભાઈ પટેલ (પિતા)
ચંપાબેન ભગુભાઈ પટેલ (માતા)
સતિષભાઈ ભગુભાઈ પટેલ(ભાઈ)
મનિષાબેન સતિષભાઈ પટેલ (વહુ)
ધર્મેશભાઈ રણછોડભાઈ પટેલ (બનેવી)
મનિષાબેન ધર્મેશભાઈ પટેલ (બેન)
કિષા, રિશા, કૈવાંશ, કરિના, કિષ્ના તથા સમસ્ત પરિવાર
ગામ : અરિયાણા, તા. ઓલપાડ, જી. સુરત.

શ્રદ્ધાંજલિ

સ્વ. કિષ્નાકુમાર બ્રિજલાલ મેહરા

સ્વ. કિષ્નાકુમાર બ્રિજલાલ મેહરા (સુરત સીટી જીમખાનાના ભૂતપૂર્વ સેક્રેટરી)નાં અકાળ અવસાનના સમાચાર જાણી અમને ખુબજ દુઃખ થયું. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી અભ્યર્થનાં તેમજ આપ શ્રી ના પરિવાર પર આવી પડેલ દુઃખ ને સહન કરવાની અપાર શક્તિ અર્પે એવી પ્રાર્થના કરું છું. સુરત સીટી જીમખાનાના વ્યસ્થાપક સમિતિના સભ્યો, સર્વે સભ્યો તેમજ સ્ટાફ સભ્યો દુઃખની લાગણી અનુભવે છે.

ઓમ શાંતિ શાંતિ...

સ્વ. કિષ્નાકુમાર
બ્રિજલાલ મેહરા
સ્વ. તા. ૧૦-૮-૨૦૨૬

લિ.
અરવિંદ ઈનામદાર (પ્રમુખશ્રી)
તથા સુરત સિટી જીમખાના ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ

અનાવિલ અવસાન

પદ્માબેન કમલકાંત ઉર્ફે કીકુભાઈ દેસાઈ
નિધન : 11-08-2026 (ઉ.વ. : 94)

વિનંતી સહ જણાવવાનું કે મારા માતૃશ્રી પદ્માબેન કમલકાંત ઉર્ફે કીકુભાઈ દેસાઈનું અવસાન તા.11-08-2026ને મંગળવારના રોજ થયેલ છે. એમની ઈચ્છા અનુસાર લૌકિક રિવાજ અને બેસણું રાખવામાં આવેલ નથી.

સર્વેને સ્વગૃહેથી પ્રાર્થના કરવા વિનંતી.

પ્રેમાળ સ્મૃતિમાં...
સતીશ કમલકાંત દેસાઈ • ઉમંગ સતીશ દેસાઈ • જેની ઉમંગ દેસાઈ
પુનીતા ઉર્ફે પીન્કી કેતન દેસાઈ • નોહમ-પ્રીયાંશી-પ્રનીત

પિયર પક્ષ : સ્વ. રતિલાલ નાગરજી દેસાઈ પરિવાર

નિવાસ સ્થાન : ડી-5, કિશોરપાર્ક સોસાયટી, જમનાનગર બસ સ્ટેન્ડ પાસે, રામધોક નજીક, ધોડદોડ રોડ, સુરત.

હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રીકૃષ્ણ બ્રીજલાલ મહેરા
સ્વ. તા. ૧૦/૦૮/૨૦૨૬

લગભગ ૫૦ વર્ષ પૂર્વે આપે બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું ત્યારે આપની અદ્‌ભુત રમત જોઈ સમોવડીયા ખેલાડીઓ પ્રભાવિત થયા હતા અને નાની વયના આશાસ્પદ ખેલાડીઓના આપ પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. વર્ષો સુધી આપે અનેકવાર ગુજરાત વિજેતા બની સુરત, સુરત જિલ્લા અને ગુજરાતને ગૌરવ અપાવ્યું. આપ "જાયન્ટ કિલર" ના ઉપનામથી બેડમિન્ટન સમુદાયમાં જાણીતા હતા તે આજે પણ ભુલાયું નથી. આપ અસંખ્ય ખેલાડીઓના અને અમારા સર્વના દિલમાં હતા અને હંમેશા દિલમાં રહેશો. આપની યાદનો દીપ હંમેશા ઝળહળતો જ રહેશે. ક્યારેય ન પુરાય તેવો ખાલીપો આપના સ્વર્ગે પ્રયાણ કરવાથી સર્જાયો છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી ભાવભીની દિલના ઊંડાણમાંથી અંજલિ અર્પીત કરીએ છીએ.

"Your life is blessing, your memory a Treasure, you are loved beyond worlds and will be missed beyond measure"

લિ.
સુરત જિલ્લા બેડમિન્ટન એસોસીએશનના પદાધિકારીઓ અને વહીવટી સમિતિના સભ્યો

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સ્વ. હેમંતભાઈ
હરીશભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૫

એવી નજર ક્યાંથી લાવવી કે
તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય,
હજુ જરૂર હતી તમારી અમને
ત્યાં કુદરત લઈ ગઈ તાણી
હે કુદરત એ અમાનત અમારી છે
રાખજે તું એમને સંભાળી
તારા માટે એ આત્મા હશે પણ
એ જ જીદંગી અમારી હતી,
સદ્‌ગુરુ એમના દિવ્ય આત્માને
શાંતિ આપે એ જ પ્રાર્થના.
ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

લિ.
બિપીનચંદ્ર ખુશાલભાઈ પટેલ (બનેવી)
જાગૃતિબેન બિપીનચંદ્ર પટેલ (બેન)
દેવાંશી બિપીનભાઈ પટેલ (ભાણેજ)
સમર્થ બિપીનભાઈ પટેલ (ભાણેજ)
વિનેશા હેમંતભાઈ પટેલ (પુત્રી)
ચુવીકા હેમંતભાઈ પટેલ (પુત્રી)